





# ભાગ્ય બડે જહાં સંત પધારે

## સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાના દિવ્ય સાંનિધ્યે

## અનુપમ મિશન, ડેન્હમ-યુ.કે. મંદિરે વિવિધ ઉત્સવો ઉજવાયા

**સમૂહ મહાપૂજા :** પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે-૧૨ ઑગસ્ટ, રવિવારે અનુપમ મિશન, ડેન્હમ મંદિરે ૧૨૦ જેટલાં યુગલો દ્વારા સુંદર સમૂહપૂજા દ્વારા ભક્તિ અને પ્રાર્થનાઓ અર્પણ કરાઈ. આગલા દિવસથી સર્વે યુવાનો, યુવતીઓ અને કિશોર, કિશોરીઓ તેની તૈયારીની સેવામાં લાગી ગયાં. પૂ. હિંમતસ્વામીનાં માર્ગદર્શન મુજબ સૌએ અદ્‌ભુત સેવાયજ્ઞ કરી ભક્તિ અદા કરી. ભાવિશાબહેને સૌ યજમાનો માટે બેઠકસ્થાન સુનિશ્ચિત કર્યાં.

મહાપૂજાના પ્રારંભે જ સૌ યજમાનો ને ભક્તોના ભાવ જાણે કે ઝીલતા હોય તેવા ભાવ સાથે સંતભગવંત સાહેબદાદાએ ભારતથી ટૅલિફોન દ્વારા સૌને ખૂબ રૂડા આશીર્વાદ આપી ધન્ય કરી દીધાં. પૂ. હિંમતસ્વામીજીએ પૂજન કર્યાં. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ આચાર્ય પૂ. રાજુભાઈ ડે, પૂ. અશોકભાઈ બાબુને ભાલે તિલક કરી, ખેસ અર્પણ કરી પૂજાવિધિ કરાવવાનો અધિકાર આપ્યો. મહાપૂજાની સૂચનાઓ પૂ. અશોકભાઈએ આપી, જેને ઈંગ્લિશમાં સૌને વધારે સમજાય તે રીતે ભાવિશાબહેને સમજાવી.

યજમાનોનાં પૂજન વ્રતધારી સંતો પૂ. કિરણભાઈ, પૂ. રમેશભાઈએ ને કંકણબંધન પૂ. પંકજભાઈ, પૂ. યોગેશભાઈ, પૂ. જયેન્દ્રભાઈ, પૂ. ગિરીશભાઈ, પૂ. અશોકભાઈએ કર્યાં. પ.પૂ. સાહેબદાદાએ ખાસ પ્રસાદીના કરીને મોકલેલા ખેસ પૂ. હિંમતસ્વામી ને પૂ. શાંતિદાદાએ સૌ યજમાનોને અર્પણ કર્યા. પૂજન, મંત્ર-પુષ્પાંજલિ, થાળ ને આરતી અર્પણ આદિ વિધિ ખૂબ જ દિવ્ય ને પવિત્ર માહોલમાં સંપન્ન થઈ. પૂ. શાંતિદાદાએ શ્રાવણ માસની મહાપૂજાના સંકલ્પ બોલાવ્યા અને તેની સિદ્ધિ માટે સૌએ ધૂનની રમઝટ બોલાવી. આશીર્વાદ શ્લોકોનાં ગાન થયાં ત્યારે પ્રાસાદિક ગુલાબજળથી પૂ. હિંમતસ્વામી ને પૂ. શાંતિદાદાએ આશીર્વાદ અર્પી સૌને ધન્ય કર્યાં. મહાપૂજા સંપન્ન થયા પછી સતીશભાઈ ચતવાણીએ મહિમાગાન કરી લાભ આપ્યો. પૂ. શાંતિદાદાએ પવિત્ર શ્રાવણ માસની મહાપૂજાનો મહિમા સમજાવ્યો તથા સંતભગવંત સાહેબદાદાએ ઈંગ્લૅન્ડના ભક્તો પર કૃપા ને કરુણા વહાવી સુખિયા કર્યા છે તેનાં મહિમાગાન કરી સૌને રૂડા આશીર્વાદ આપ્યા. આમ, સમૂહ મહાપૂજાનો અદ્‌ભુત લાભ લઈ સૌ ધન્ય બન્યાં. ◆

**ભારત સ્વાતંત્રદિન :** ભારતનો ૭૨મો સ્વાતંત્ર્યદિન અનુપમ મિશન, ડેન્હમ મંદિરના પ્રાંગણમાં ખૂબ ઉત્સાહ ને રાષ્ટ્રભાવના સાથે ઉજવાયો. પ્રારંભિક મહિમાદર્શન સાથે કાર્યક્રમનું સંચાલન ભાવિશાબહેને કર્યું. વ્રતધારી સંત પૂ. કિરણભાઈએ મહેમાનોનાં પૂજન કરી સ્વાગત કર્યાં. પૂ. રાજુભાઈએ દેશભક્તિ ગીત ખૂબ ભાવવાહી રીતે ગાયું. તે પછી બ્રિટિશ રાષ્ટ્રધ્વજને સુરેન્દ્રભાઈ અને સતીશભાઈએ ગગનમાં લહેરાવ્યો ને બ્રિટિશ ઍન્થમ સાથે સૌએ સલામી આપી. ત્યારબાદ ભારતના ત્રિરંગા રાષ્ટ્રધ્વજને એમ. એમ. વાલિયાસાહેબે (પૂર્વ લૅફ્ટનન્ટ જનરલ, નૉર્ધન કમાન્ડ, ભારત) મુક્ત ગગનમાં લહેરાવ્યો. ભારતના રાષ્ટ્રગીતના ગાન સાથે ત્રિરંગાને સૌએ સન્માનભેર સલામી આપી. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સુરેન્દ્રભાઈ, વાલિયાસાહેબ તથા સતીશભાઈએ રાષ્ટ્રભાવના ઉજાગર કરતી મનનીય વાતો કરી. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ સૌને બાહ્ય સ્વતંત્રતા સાથે આંતરિક દોષોથી પણ સ્વતંત્ર બની સદાય સુખિયાં બની રહેવાની સમજ સાથે સુંદર આશીર્વાદ આપ્યા. કાર્યક્રમના અંતમાં સૌ નાનાં બાળકોએ અને આશ્કા, ડેનિશા, શ્રીલા, નિમ્મી આદિ યુવતીઓએ ભેગાં મળી દેશભક્તિ ગીત પર સુંદર નૃત્ય સંયોજન રજૂ કરી સૌનાં દિલ જીતી લીધાં. ઘણી મોટી સંખ્યામાં સૌ ભક્તોએ ઉપસ્થિત રહી સ્વાતંત્ર્યદિનની ખૂબ અદ્‌ભુત રીતે ઉજવણી કરી ધન્યતા અનુભવી. ◆



અનુપમ મિશન, ડેન્હમ-યુ.કે. મંદિરમાં શ્રાવણી સમૂહ મહાપૂજા વિધિરત અક્ષરમુક્તો



અનુપમ મિશન, ડેન્હમ-યુ.કે. મંદિરના પ્રાંગણમાં ભારતના સ્વાતંત્ર્યપર્વે રાષ્ટ્રવંદના

**તૃતીય પાટોત્સવ :** અનુપમ મિશન, ડેન્હમ-યુ.કે.ના નૂતન મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ તેને ત્રણ વર્ષ પૂર્ણ થતાં હોઈ, જેઓએ ૧૯૭૫થી વર્ષોવર્ષ ઇંગ્લૅન્ડ પધારીને સમગ્ર યુ.કે.ના સમાજના સર્જનમાં મહદ્ પ્રદાન કર્યાં છે એવા સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાને આ વર્ષે ખાસ મોકલીને સંતભગવંત સાહેબદાદાએ અપાર કૃપા કરી ! તેઓના દિવ્ય સાંનિધ્યમાં ૧૬ ઑગસ્ટની મંગલ પ્રભાતે ખૂબ ભક્તિસભર વાતાવરણમાં તૃતીય પાટોત્સવ-વિધિ સંપન્ન થઈ. આચાર્ય પૂ. રાજુભાઈ ડે તથા પૂ. અશોકભાઈને પૂ. શાંતિદાદાએ પૂજાવિધિ કરાવવાનો અધિકાર અર્પ્યો. પૂજાવિધિમાં ૫૦ જેટલા સમર્પિત ભક્તો યજમાન સ્વરૂપે બિરાજ્યા. સંતોએ યજમાનોનાં પૂજન, કંકણબંધન ને ખેસ અર્પણ કર્યાં.

પૂ. શાંતિદાદા, પૂ. હિંમતસ્વામી અને પૂ. રમેશભાઈ-દયાળુએ ધામ-ધામી-મુક્તની મૂર્તિઓની તેમજ પૂ. પંકજભાઈ, પૂ. યોગેશભાઈ, પૂ. કિરણભાઈ, પૂ. જયેન્દ્રભાઈ, પૂ. ગિરીશભાઈ, પૂ. અશોકભાઈએ સ્વરૂપોની મૂર્તિઓની અંગન્યાસવિધિ કરી તેમજ જળથી મૂર્તિઓનાં ચરણ પખાળી ભક્તિ અદા કરી. સર્વ યજમાનોએ આ ચરણાભિષેકવિધિનો લાભ લઈ ધન્યતા અનુભવી.

મૂર્તિઓના શણગાર માટે પટલ બંધ થયા તે દરમિયાન ભારતથી સંતભગવંત સાહેબદાદાએ ટૅલિફૉનથી સૌને આ અદ્‌ભુત પૂજાવિધિનો લાભ લેવા બદલ ખાસ અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા ને આશીર્વાદ આપ્યા; તે પ્રાપ્ત કરી સૌએ સંતભગવંત સાહેબદાદાની પ્રત્યક્ષ હાજરીના અનુભવની ધન્યતા અનુભવી. સદ્‌ગુરુ પૂ. શાંતિદાદાએ પણ અદ્‌ભુત આશીર્વાદ આપ્યા.

પટલ ખૂલતાં શ્રી ઠાકોરજીનાં અદ્‌ભુત દર્શન કરી સૌ ભાવવિભોર બન્યાં. પાટોત્સવની આરતીમાં પૂ. શાંતિદાદા, પૂ. હિંમતસ્વામી સાથે સૌ સંતો ને યજમાનો જોડાયા ને અદ્‌ભુત માહોલ રચાયો ! મંત્ર પુષ્પાંજલિ અર્પણ થઈ. શ્રી ઠાકોરજી સમક્ષ આશરે ૧૫૦ જેટલી વાનગીઓનો અદ્‌ભુત અન્નકૂટ અર્પણ કરાયો. પૂ. રાજુભાઈ, પૂ. અશોકભાઈએ થાળ ગાઈ ભક્તિભાવે વાનગીઓ આરોગવા શ્રી ઠાકોરજીને વિનંતી કરી ત્યારે હાજર સૌ ભક્તો પણ મનોમન ભાવથી ભક્તિ અદા કરી રહ્યા. સૌ બહેનોએ ઉમંગે અન્નકૂટ-આરતી અર્પણ કરી અને અન્નકૂટ દર્શન કરી સૌ ભાવવિભોર બની રહ્યાં. આમ, સંતોનાં માર્ગદર્શને સૌ યુવાનો-યુવતીઓ, ગૃહસ્થ ભક્તોએ પાટોત્સવના આ કાર્યક્રમમાં અનેકવિધ સેવાઓ કરી સંતભગવંત સાહેબજીને પ્રસન્ન કરવા ભક્તિ અર્પણ કરી ધન્યતા અનુભવી. ◆

**પૂ. હિંમતસ્વામીનો પ્રાગટ્યદિન :** ૧૭ ઑગસ્ટે સવારની આરતી પછી અનુપમ મિશન, ડેન્હમ-યુ.કે. મંદિરમાં પૂ. હિંમતસ્વામીજીનો ૬૪મો પ્રાગટ્યદિન ઉમંગભેર ઉજવાયો. નીલેશભાઈએ પૂજન-પુષ્પગુચ્છ અર્પણ કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. સભાસંચાલન કરતાં ભાવિશાબહેને પૂ. હિંમતસ્વામીજીના ગુણોનું અદ્‌ભુત દર્શન કરાવી સુંદર આશિષયાચના કરી. શાંતિબાપા ઘેડિયા, વાલિયાસાહેબ, શ્રીલા, દેવ, નિમ્મી, અભીપ્સા, વિજયકુમાર, યોગેન્દ્રભાઈ, બારીન્દ્રભાઈ તથા વિનુભાઈએ પૂ. હિંમતસ્વામીજીના જીવનના અદ્‌ભુત ગુણોનું દર્શન કરાવ્યું તથા પૂ. હિંમતસ્વામીજીની પ્રાર્થનાથી તેઓના જીવનપ્રસંગોમાં કેવાં સુંદર પરિણામ પ્રાપ્ત થયાં, સૌ મુક્તો સાથે સંપ, સુહૃદભાવ ને એકતાથી મહિમાસભર જીવતા થયા તેનું દર્શન કરાવ્યું. સંતભગવંત સાહેબદાદાએ હિંમતસ્વામી જેવા એક અજોડ ને અદ્‌ભુત સાધુની ભેટ આપી છે તે મહિમા ને પ્રાપ્તિના વિચારે સૌ ભાવવિભોર બન્યાં.

પૂ. હિંમતસ્વામીજીએ આશીર્વાદમાં પોતે તો કાંઈ કર્યું જ નથી તેવા ભાવે બધો યશ સંતભગવંત સાહેબદાદા, સૌ સદ્‌ગુરુ સંતોની પ્રાર્થના ને હૂંફને આપ્યો. તથા સૌ સાથીદાર સંતો, ગૃહસ્થો અને યુવાનોનાં સમર્પણ અને સેવાથી જ બધું શક્ય બન્યું તેમ જણાવી સૌનો આભાર માન્યો. સૌ સંપ, સુહૃદભાવ, એકતાથી હળીમળીને શ્રી ઠાકોરજી ને સંતભગવંત સાહેબદાદાને રાજી કરી શકીએ તેવી પ્રાર્થનાઓ કરી.

પૂ. શાંતિદાદાએ પૂ. હિંમતસ્વામીજીની આધ્યાત્મિક યાત્રાની ઝાંખી કરાવી અને તેઓ કેવળ સંતભગવંત સાહેબજી તરફ નજર રાખી સતત જીવતા રહ્યા છે, સૌનો મહિમા સમજી સેવા કરતા રહ્યા છે તેમ જણાવી આશીર્વાદ આપ્યા.

બાળકોએ પૂ. હિંમતસ્વામીજીના જીવનપ્રસંગ પરથી જીવનમાં ધૂનની અનિવાર્યતા અને ઠાકોરજીને પ્રાર્થના કરી કાર્ય કરવાની સૂઝ આપતો એક પ્રસંગ નાટિકારૂપે પ્રસ્તુત કરી સૌને ખૂબ આનંદ કરાવ્યો. ઈસ્ટ લંડનના સૌ ભક્તોએ પણ આ પ્રસંગે ખાસ પૂજન, પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છા-પ્રાર્થનાઓ ધરી. અંતમાં સૌ બાળકોએ પ્રાગટ્યદિનની કેક અર્પણ કરી આનંદ કર્યો. સૌની ભક્તિ ને સેવાને ધન્યવાદ ! ◆



પૂ. હિંમતસ્વામીજીના પ્રાગટ્યદિને માહાત્મ્યભાવ વંદના અર્પણ

**યોગી યૂથ કૅમ્પ :** ૧૮થી ૨૪ ઑગસ્ટ દરમિયાન 'પાવર ઑફ પ્રૅયર' (પ્રાર્થનાનું બળ) થીમ પર એક સપ્તાહનો યૂથ કૅમ્પ યોજાયો. પરદેશમાં ઊછરતી યુવાપેઢીને સત્સંગના સંસ્કાર પ્રાપ્ત થાય, જીવન સર્વાંગી સુંદર બને તે હેતુથી સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતો પ્રતિ વર્ષ પધારી અથાક દાખડો કરે છે. પૂ. હિંમતસ્વામી જેવા સંતો પણ યુવાપેઢીના કલ્યાણ અર્થે ભીડાભક્તિ કરે છે. પ્રભુનાં આવાં દિવ્ય બાળસ્વરૂપોનાં જતન કરી અધ્યાત્મમાર્ગે આગળ લઈ શકાય તે હેતુથી યૂથકૅમ્પનું આયોજન કરાયું.

પૂ. હિંમતસ્વામીજીનાં માર્ગદર્શન હેઠળ મીનલ શાહ અને ધનેશ્વરી સાકરિયાના નેતૃત્વ હેઠળ આ કૅમ્પનું સુંદર આયોજન થયું, જેમાં ૭થી ૧૫ વર્ષનાં ૪૫ જેટલાં બાળકોએ, ૧૬થી ૨૧ વર્ષના ૯ જેટલા યુવાનેતાઓએ તથા ૧૫-૨૦ જેટલા સ્વયંસેવકોએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો.

કૅમ્પર્સની ચાર ટીમ-'ઘનશ્યામ', 'નીલકંઠ', 'સરજૂ' અને 'સહજાનંદ'માં વહેંચણી કરાઈ. આ ટીમોનું નેતૃત્વ શિવાની, આશ્કા, ડૅનિશા, શ્યામ, ઋષિલ, જેસન, ઈશાન અને રિયને સ્વીકાર્યું. રશ્મિબહેન ખત્રીએ દર્શના, મેઘના તથા ભાવનાબહેનના સહકારથી પ્રિ-કૅમ્પર્સ માટે એક દિવસના કૅમ્પનું આયોજન કર્યું, જેમાં ૩થી ૬ વર્ષનાં બાળકો માટે રમતગમત, પૂજા, ભજન-ધૂન અને આર્ટસ ઍન્ડ ક્રાફ્ટની પ્રવૃત્તિઓ કરાવવામાં આવી.

કૅમ્પનો પ્રારંભ પૂ. કિરણભાઈ નકારજા, પૂ. રાજુભાઈ ડે તથા શિવાની, આશ્કા, ઈશાન અને જેસન દ્વારા દીપપ્રાગટ્યથી કરાયો. સવારે પ્રાતઃ આરતી બાદ વાલિયાસાહેબે સૌ બાળકોને યોગકળા શીખવી. મેઘના તથા ભાવિશાબહેને પ્રાતઃપૂજા શિખવાડી. બાળકોને અવનવી રમતો રમાડાઈ. વિવિધ જ્ઞાનસત્રોમાં પૂ. શાંતિદાદા, પૂ. હિંમતસ્વામી, પૂ. કિરણભાઈ, પૂ. ભૂપાભાઈ આદિ સંતોએ અને વાલિયાસાહેબ, વિજયભાઈ ઠક્કર, અમિત સોઢા, શયના, હિતેશભાઈ ભરખડા, અભીપ્સા, દીપક કોટેચાએ બાળકોને 'પાવર ઑફ પ્રૅયર'ની સકારાત્મક વાતો કરી.

આર્ટસ અને ક્રાફ્ટસ ઍક્ટિવિટીમાં સુનિતા સોલંકી, વિરાજ મહેતા, પૂનમ, મેઘના તથા મનીષાએ ભાગ લીધો. બાળકોની રમતગમતમાં સૌ યુવાન-યુવતીઓ સાથે નિમ્મી, નિમિષા, અભીપ્સા, શોભન, અભય, જયંતભાઈએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો.

વ્રતધારી સંત પૂ. પંકજભાઈનાં સૂચન અને માર્ગદર્શન હેઠળ કૅમ્પની પ્રસાદવ્યવસ્થા અમિત, હેમલ, ભાવિન, નિમિષા, દર્શનાબહેન, દીપક-ભાવના, રેખા, બિનોલા, હર્ષિત-શોભન, નિરાલી આદિએ સંભાળી. બાળકોને 'નીલકંઠવર્ણી'ની ઍનિમૅટેડ ફિલ્મ બતાવી તથા તેઓને આઉટડોર ઍક્ટિવિટી માટે રાયસ્લીપ ડાઈનો ગોલ્ફ કલબ, થોર્પ પાર્ક, અમ્યુઝમૅન્ટ પાર્ક તથા વોટફર્ડ હરે રામ હરે ક્રિષ્ના મંદિર લઈ ગયાં, જ્યાં સૌએ બ્રહ્માનંદ કર્યો. અમિત, હિતેનભાઈ તથા હેમલે ટ્રાન્સપૉર્ટની સુંદર સેવા કરી.

કૅમ્પ દરમિયાન ભજનસ્પર્ધા, 'સ્વામીની વાતો'ની સ્પર્ધા તથા આર્ટસ ઍન્ડ ક્રાફ્ટની સ્પર્ધાઓ રાખવામાં આવી. બાળકોએ ટૅબલ વર્ક, ગ્રીટિંગ કાર્ડ તથા હિંડોળાનાં ડેકોરેશન કર્યાં. આ સ્પર્ધામાં પ્રથમ, બીજા અને ત્રીજા નંબરે સ્થાન મેળવનાર બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. યૂથ કૅમ્પની પૂર્ણાહુતિના દિવસે સૌ બાળકોનાં માતા-પિતાને આમંત્રણ અપાયાં. બાળકોએ સુંદર ભજનો ગાયાં અને પોતાના અનુભવોનું દર્શન કરાવી અનુપમ મિશનનો આભાર માન્યો. વળી, આવતા વર્ષે કૅમ્પમાં ઉમંગભેર ભાગ લેવાનો ઉત્સાહ બતાવ્યો. અંતમાં પૂ. શાંતિદાદા તથા પૂ. હિંમતસ્વામીના આશીર્વાદ લઈ સૌ વિસર્જિત થયાં. ◆

*(મેઘના અધ્વર્યુના અહેવાલ પરથી સંકલિત)*

**રક્ષાબંધન ઉત્સવ :** ૨૬ ઑગસ્ટના રોજ ઈંગ્લૅન્ડના મુક્તોએ ભેગા મળી સદ્ગુરુ સંત પૂ. શાંતિદાદાની પ્રત્યક્ષ નિશ્રામાં રક્ષાબંધનનું પર્વ ઊજવ્યું. ભાઈ-બહેનના સંબંધની પવિત્રતાની સમજ આપીને પૂ. શાંતિદાદાએ આશીર્વાદ આપ્યા અને સૌના આંતર-બાહ્ય શત્રુથી રક્ષા થાય ને અરસપરસ પ્રેમનું બંધન સ્વીકારાય તે ભાવથી સૌને રક્ષા બાંધી. ◆

**સદ્ગુરુ સંત પૂ. શાંતિદાદા પ્રાગટ્યોત્સવ :** ૨૭ ઑગસ્ટ-સોમવારની સવારે અનુપમ મિશન, ડૅન્હમ-યુ.કે. મંદિરે આરતી બાદ સ્થાનિક ભક્તોએ સદ્ગુરુ સંત પૂ. શાંતિદાદાનાં પૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા ને શુભેચ્છાઓ પાઠવી. સવારે પ્રાગટ્યદિનની સભામાં પૂ. શાંતિદાદાએ શ્રી ઠાકોરજી, ગુરુદેવ યોગીબાપા અને સંતભગવંત સાહેબજીની મૂર્તિનાં પૂજન કર્યાં. સભા-સંચાલન કરતાં ભાવિશાબહેને પ્રસંગોચિત મહિમાગાન કર્યાં. અમૃતબાપાએ પોતાના આખા ફૅમિલી પર એમના આશીર્વાદ ને કૃપા છે તેની વાત કરી પ્રાર્થના કરી. ભારતીબહેને પ્રસંગોચિત પ્રાર્થનાનું વાચન કરી ભાવ અર્પણ કર્યા. તે પછી સૌ સંતો વતીથી પૂ. જયેન્દ્રભાઈએ પૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા.



પૂ. શાંતિદાદાના પ્રાગટ્યપર્વે ગુરુમૂર્તિ નિમગ્ન ભાવદર્શન...હૃદય વંદન !

સંતભગવંત સાહેબદાદાએ ભારતથી ફૉન દ્વારા આશીર્વાદ આપતાં જણાવ્યું કે, 'પૂ. શાંતિભાઈ જેવા બહુ દયાળુ ને કૃપાળુ સંત આપણને પ્રાપ્ત થયા છે, તો તેમનો મહિમા સમજીએ. હવે મંદિરના સૅકન્ડ ફેઈઝનું કામ આવા સંતના વચને સમર્પણ કરીને જલદીમાં જલદી પૂરું કરવું જ છે, કામ પાર પાડવું છે ; તો તેઓના પ્રાગટ્યદિને ભક્તિ અર્પણ કરવાના સંકલ્પ સૌ કરજો.'

બાળમુક્ત સહજે ઇંગ્લિશમાં પૂ. શાંતિદાદાના જીવનનું અદ્ભુત દર્શન કરાવ્યું અને 'સ્વામીની વાતું'ના આધારે આવા પરમ ભાગવત સંત સાથેની પ્રીતિથી જીવનમાં કેવી પ્રાપ્તિ કરી શકાય છે તેની બહુ માર્મિક ને આધ્યાત્મિક વાત કરી પ્રાર્થનાઓ ધરી. શ્રીલાએ પૂ. શાંતિદાદાના રોજબરોજના જીવનપ્રસંગની વાત કરી પ્રાર્થનાઓ ધરી. ત્યારબાદ સંતશ્રી પૂ. રાજુભાઈ ડેએ પૂ. શાંતિદાદાના મહિમાની સુંદર વાતો કરી, તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થનાઓ કરી.

યુ.એસ.એ.થી ફૉન દ્વારા સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ પૂ. શાંતિદાદાના જીવનનું અદ્ભુત દર્શન કરાવ્યું ને આવા ઋજુ હૃદયના સંતની અંતરની પ્રસન્નતા મળતાં કેવી શાંતિ મળે છે તેનું મહિમાગાન કર્યું. બારીન્દ્રભાઈ ને વિનુભાઈએ પણ તેઓના જીવનના ગુણોનું મહિમાસભર દર્શન કરાવી પ્રાર્થનાઓ ધરી. અંતમાં પૂ. શાંતિદાદાએ શાસ્ત્રીજી મહારાજથી માંડી આજે પ્રગટ સત્પુરુષ સાહેબદાદાની અઢળક કૃપાથી જ આ માર્ગે આટલું કરી શકાયું છે તેવા ભાવની પ્રાર્થના ધરી પધારેલ સૌ ભક્તોની ભક્તિને બિરદાવી તેમજ પોતાને અક્ષરરૂપ માની પ્રગટ સત્પુરુષ સાહેબદાદાના દાસરૂપ બની જીવન ધન્ય બનાવવાની સમજ આપી સૌને રૂડા આશીર્વાદ આપ્યા.

આ પ્રસંગે આબાલવૃદ્ધ સૌએ સેવાઓ કરી ભક્તિ અદા કરી. વળી, પૂ. શાંતિદાદા જેવા ગુણાતીત સંતના માહાત્મ્યમાં ગુલતાન બની ધન્યતા અનુભવી અને પ્રભુધારક આવા સંતોને રાજી કરી તેમના વચને જીવન જીવવાનું બળ સૌએ પ્રાપ્ત કર્યું. ◆

**'Meera Bhakti' Utsav :** Anoopam Mission UK Baal Mandal's enthusiasm was evident on Sunday 2nd September during their excellent production of a musical play, 'Meera Bhakti' in the divine presence of PP Shantidada.

This play came about because the children had felt they wanted to give a contribution towards the second phase of the building of Anoopam Mission's community facility. They came up with the idea of doing a show and raising funds through a ticketed event. With the immense support of Pujya Minooben, who was the Director, and P. Dhaneshwari and P. Minal who run the Baal mandal activities the show was a great success. The help of P. Manishaben Patel in training the children, P. Meghnaben in doing the choreography and countless other volunteers, made the evening truly memorable. The children managed to raise over £5000 and offered this bhakti to Shri Thakorji and Guruhari Sant Bhagwant Sahebji! ◆

**પ.પૂ. પપ્પાજી પ્રાગટ્યદિન :** ૧ સપ્ટેમ્બરના રોજ ગુરુહરિ પ.પૂ. પપ્પાજીના પ્રાગટ્યદિન નિમિત્તે પૂ. શાંતિદાદાની ઉપસ્થિતિમાં સુંદર સભાનું આયોજન થયું. પૂ. શાંતિદાદા, પૂ. હિંમતસ્વામીએ ઇંગ્લૅન્ડમાં સત્સંગ વિકાસ અર્થે પ.પૂ. પપ્પાજીનાં પ્રદાન અંગે માહાત્મ્યગાન કરી હૃદયવંદના અર્પણ કરી. આ ઉપરાંત, ૨ સપ્ટેમ્બરના રોજ ગુણાતીત જ્યોત દ્વારા આયોજિત પ.પૂ. પપ્પાજી પ્રાગટ્યદિન , પ.પૂ. બેન સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણીમાં સહભાગી બની પૂ. શાંતિદાદા અને પૂ. હિંમતસ્વામીએ માહાત્મ્યવંદના અર્પણ કરી. ◆

**જન્માષ્ટમી ઉત્સવ :** ૨ સપ્ટેમ્બરની સાંજે મંદિરમાં શ્રી કૃષ્ણ પ્રાગટ્યોત્સવની ઊજવણી ભક્તિભાવે થઈ. આ પ્રસંગે પૂ. શાંતિદાદાએ સૌને રૂડા આશીર્વાદ અર્પી ધન્ય કર્યા. શ્રી કૃષ્ણ પ્રાગટ્યદિનની આરતી અર્પણ કરી યુવક મંડળે 'મટકીફોડ' કાર્યક્રમ દ્વારા આનંદ કરાવ્યો. ◆

**ફ્રાન્સમાં વિચરણ :** પૂ. શાંતિદાદા સાથે પૂ. હિંમતસ્વામી અને પૂ. જયેન્દ્રભાઈ ૩થી ૭ સપ્ટેમ્બર દરમિયાન ફ્રાન્સની ધર્મયાત્રાએ પધારી અનેક સભાઓ, હરિભક્તોના ઘરે પધરામણીઓ, મહાપૂજાઓ અને સમૂહ ઉત્સવોમાં સૌને ધર્મલાભ આપી ભક્તિમાર્ગે બળ પૂર્યાં. સૌનાં નિરામય સ્વાસ્થ્ય અને આધ્યાત્મિક ઉત્થાન માટે ધૂન-પ્રાર્થના કરી અનહદ હેત વરસાવ્યું. આ દરમિયાન ગુજરાતી સમાજ, પૅરિસ દ્વારા આયોજિત જન્માષ્ટમી ઉત્સવમાં પધારી સૌને આશીર્વાદ આપ્યા.



મીરાં-ભક્તિ ઉત્સવમાં સહભાગી બાળકો-યુવાનોને પૂ. શાંતિદાદાનાં આશીર્દાન

ફ્રાન્સથી પરત પધારી પૂ. શાંતિદાદા અને પૂ. હિંમતસ્વામીએ ઈંગ્લૅન્ડમાં સ્થાનિક અક્ષરમુક્તોના ઘરે પધરામણીઓ કરી સૌને ચિરંજીવ સ્મૃતિઓ આપી. ૯ સપ્ટૅમ્બરના રોજ 'મૉન્ટે મૅમોરિયલ' ટુર્નામૅન્ટમાં ભાગ લીધેલ બાળ-યુવકમંડળને પ્રોત્સાહિત કરી આશીર્વાદ આપ્યા. સાંજે મંદિરે પૂ. શાંતિદાદા અને સંતોની વિદાય-મિલન સભામાં પૂ. રતિકાકાના પ્રાગટ્યદિન નિમિત્તે માહાત્મ્યગાન કર્યાં તેમજ સૌ સંતો અને સ્થાનિક અક્ષરમુક્તોની ભક્તિને બિરદાવી આશીર્વાદ આપ્યા. સૌની વિદાય લઈ ૧૦ સપ્ટૅમ્બરના રોજ હિથ્રૉ ઍરપૉર્ટથી ભારત પરત આવવા પ્રસ્થાન આદર્યું. ◆

*(પૂ. હિંમતસ્વામી, પૂ. અશોકભાઈ, મેઘના અધ્વર્યુ, ભાવિશા ટૅલરના અહેવાલો પરથી સંકલિત)*

## સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા – પૂ. હર્ષદદાદાનાં અમૅરિકા અને કૅનેડામાં વિચરણ તથા ધર્મલાભ

સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. હર્ષદદાદા સંગ વ્રતધારી સંતોએ ૩૧ જુલાઈથી ૭ ઑગસ્ટ દરમિયાન લૉસ ઍન્જલસમાં અથાક વિચરણ કરી સૌ ભક્તોના ઘરે પધરામણીઓ કરી, મહાપૂજા કરી, વિવિધ ભક્તિ-ઉત્સવોમાં લાભ આપી સૌને ધન્ય કર્યાં. લૉસ ઍન્જલસમાં જે સ્થાને અનુપમ મિશનના નૂતન મંદિરનું નિર્માણ થવાનું છે તે દિવ્ય સ્થાને પૂ. અશ્વિનદાદાએ 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'નું ત્રિદિવસીય પારાયણ કરી સૌને તેનો યથાર્થ મર્મ સમજાવ્યો અને અદ્‌ભુત સત્સંગલાભ આપી કૃતાર્થ કર્યાં.

૮થી ૧૧ ઑગસ્ટ દરમિયાન સંતોએ સિયેટલમાં અનેક હરિભક્તોના ઘરે પધરામણીઓ કરી, મહાપૂજા કરી સૌને સમાગમ અને દર્શનનું સુખ આપ્યું. ૧૧ ઑગસ્ટના રોજ જાહેરસભા યોજાઈ, તેમાં સૌને આશીર્વાદ આપી ધન્ય કર્યાં. આ સભામાં મોટી સંખ્યામાં સ્થાનિક મુક્તો-મુમુક્ષુઓ પધાર્યા, તેઓ સૌએ સદ્‌ગુરુ સંતોના શ્રીમુખે વહેલી સરવાણીનો દિવ્ય આસ્વાદ માણી ધન્યતા અનુભવી.

૧૨ ઑગસ્ટના રોજ સિયેટલથી વૅનકુવર પધારી સંતોએ સ્થાનિક મંડળના મુક્તોને કૉમ્યુનિટી હૉલમાં યોજાયેલ સભામાં સત્સંગ-સમાગમનું સુખ આપ્યું. બે દિવસ ભક્તોના ઘરે પધરામણીઓ કરી ૧૪ ઑગસ્ટના રોજ વૅનકુવરથી કૅનેડાના ટૉરોન્ટો શહેરમાં પધાર્યા. ત્યાં સનાતન મંદિરમાં સ્થાનિક ભક્તો દ્વારા યોજિત સ્વાગતસભામાં દીકરીઓના સ્વાગતનૃત્યરૂપી ભાવ ઝીલી આશીર્વાદ અર્પ્યા. પૂ. અશ્વિનદાદાએ 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'ના પારાયણ દ્વારા સૌને ભક્તિ અને ઉપાસનાની દિવ્ય સમજણ આપી. ટૉરોન્ટોમાં નિવાસ કરતા સર્વે અક્ષરમુક્તોના ઘરે પધરામણીઓ કરી સૌનાં આધ્યાત્મિક ઉત્થાન માટે પ્રાર્થનાઓ કરી ૧૯ ઑગસ્ટના રોજ અમૅરિકાના ડૅટ્રૉઈટ શહેર પધાર્યા.

ડૅટ્રૉઈટમાં પધરામણી, મહાપૂજા, જાહેર સત્સંગસભામાં પૂ. અશ્વિનદાદાએ અદ્‌ભુત સત્સંગલાભ આપ્યો. સભામાં ઉપસ્થિત મહાનુભાવો સાથે ગોષ્ઠિ કરી સંતોએ સૌને સંબંધ આપ્યો. ત્યાંથી ૨૨ ઑગસ્ટના રોજ લીંચબર્ગ પધારી અનેક ભક્તોના ઘરે પધરામણીઓ કરી. લીંચબર્ગ-વર્જિનિયાના જુદા જુદા સ્થળોએ યોજિત સભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા.

લીંચબર્ગથી ૨૪ ઑગસ્ટના રોજ રિચમન્ડ પધારી સ્થાનિક ભક્તોના ઘરે પધરામણીઓ, મહાપૂજાઓ કરી અને દર્શન-સત્સંગ-સમાગમ અને આશીર્વાદનું સુખ આપ્યું. અહીંના કૉમ્યુનિટી હૉલમાં જાહેર સભા કરી સૌને આધ્યાત્મિક માહાત્મ્યમાં ગુલતાન કર્યાં. ૨૯ ઑગસ્ટના રોજ લીંચબર્ગથી ટૅમ્પા અને ત્યાંથી ઍટલાન્ટા થઈ કૅન્સાસ સીટીમાં પધાર્યા. દરેક સ્થળોએ હરિભક્તોને ત્યાં પધારી વ્યક્તિગત ગોષ્ઠિ, સમાગમનું સુખ આપી સૌને ધન્ય કર્યાં. કૅન્સાસથી ઍટલાન્ટા થઈ લૅકલૅન્ડ, ફ્લૉરિડા પધાર્યા. આ દરમિયાન પૂ. હર્ષદભાઈ અને પૂ. જયેશભાઈ ૧ સપ્ટૅમ્બરના રોજ શિકાગો પધાર્યા અને પૂ. દિનકરભાઈના પ્રાગટ્યદિને ભાવવંદના અર્પણ કરી.

શિકાગોથી પૂ. હર્ષદભાઈ, પૂ. જયેશભાઈ તેમજ ઍલનટાઉન મંદિરેથી પૂ. વાસુભાઈ, પૂ. નરેન્દ્રભાઈ આદિ સંતો પણ ફ્લૉરિડા પધાર્યા. અનુપમ મિશનના લૅકલૅન્ડ સ્થિત મંદિરમાં સ્થાનિક ભક્તોએ સુંદર સુશોભન કરી વ્યાસપીઠ તૈયાર કરી હતી. જેના પર બિરાજી પૂ. અશ્વિનદાદાએ અદ્‌ભુત પારાયણ દ્વારા 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'નાં ગૂઢ રહસ્યોને સહજ શૈલીમાં વર્ણવી દિવ્ય સત્સંગલાભ આપ્યો, જેને માણી સૌ ધન્ય થયાં. સ્થાનિક સૌ મુક્તોને સમાગમનું સુખ આપી લૅકલૅન્ડથી ૩ સપ્ટૅમ્બરના રોજ ઍલનટાઉન પધાર્યા જ્યાં સભા કરી બીજે દિવસે ૪ સપ્ટૅમ્બરની સવારે ઑરલૅન્ડો અને ત્યાંથી પૉર્ટલૅન્ડ પધારી દરેક સ્થળોએ વસતા હરિભક્તોને દર્શન – આશીર્વાદનું સુખ આપી ભક્તિનાં બળ સીંચ્યાં.

આ દિવ્ય સત્સંગયાત્રામાં સંતોએ સૌ પર દિવ્ય આશીર્વાદ વરસાવ્યા, નિઃસ્વાર્થ પ્રાર્થનાઓ પ્રભુચરણે ધરી. સૌ કોઈ ભક્તિમાર્ગે આગળ વધી મૂળ અજ્ઞાન અને અંધકારથી મુક્તિ પામી જીવનને સર્વાંગે સુંદર બનાવી શકે તેવી કૃપા વરસાવી. ભક્તોના વ્યક્તિગત પ્રશ્નો, જીવનની મૂંઝવણોમાં માર્ગદર્શન આપી સૌને અનુપમ સુખ બક્ષ્યું. પ્રભુ સર્વોપરી મનાય, પ્રભુના પ્રગટ ગુણાતીત સંતમાં જીવની પ્રીતિ થાય, પ્રભુનાં સંબંધી સૌ નિર્દોષ મનાય તેવી દિવ્ય સાધનાની સમજણ સૌને આપી સંતોએ પ્રભુ પ્રત્યેની ભક્તિ અદા કરી. સંતોનાં નિઃસ્વાર્થ જીવન, નિર્વ્યાજ પ્રેમ અને નિર્મળ જીવન-આચરણની સૌને અપૂર્વ પ્રતીતિ થઈ, જે તેઓના હૃદયે હંમેશને માટે અંકિત રહેશે. અમૅરિકાના સંતો પૂ. જયેશભાઈ, પૂ. નરેન્દ્રભાઈ, પૂ. અરવિંદભાઈ આદિએ સુંદર આયોજનો ગોઠવી સદ્‌ગુરુ સંતોનો લાભ સૌને પ્રાપ્ત થાય તેવી ભક્તિ અદા કરી. ◆

*(પૂ. હર્ષદદાદા અને પૂ. જયેશભાઈના અહેવાલ પરથી સંકલિત)*